ગાંધીનગરના બે એનસીસી કેડેટ દિલ્હી ખાતે પ્રજાસત્તાક દિનની પરેડમાં ભાગ લેશે

સમગ્ર રાજયમાંથી માત્ર ૪ વિદ્યાર્થીઓની પસંદગી થઈ છે : બે વિદ્યાર્થી ગાંધીનગર શહેરના છે : બંને વિદ્યાર્થીઓ એક જ કોલેજમાં સાથે અભ્યાસ કરે છે

ગાંધીનગર, તા. ૨૩

આજથી બરોબર ૫૩ વર્ષને ૩૬૩ દિવસ પહેલા ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦ના રોજ વહેલી સવારે ભારતની પ્રજાએ દેશના બંધારણનો સ્વીકાર કર્યો અને એક ભવ્ય પ્રજાસત્તાકનો જન્મ થયો હતો જે ઘટનાને બે દિવસ

બાદ એટલે કે ૨૬ જાન્યુઆરી ૨૦૧૩ના રોજ ૬૪ વર્ષ પૂરા થશે. દેશ અને દુનિયાને ભારત દેશની તાકાત અને સંસ્કૃતિના દર્શન કરાવવા માટે દેશની રાજધાની દિલ્હીમાં સ્થિત 'રાજપથ' પર દર વર્ષે પ્રજાસત્તાક પરેડનું આયોજન કરવામાં આવે છે. જેમાં દરેક રાજયના કલાકારો અને દેશના જાંબાઝ જવાનો જોડાય છે. મિત્રો, ત્યારે આજે ગૌરવની વાત એ છે કે આપણા રાજયમાંથી આ વર્ષે માત્ર ૪ વિદ્યાર્થીઓની જ આ રાષ્ટ્રીય પરેડમાં પસંદગી થઈ છે જેમાં નગરની ખાનગી કોલેજના એન.સી.સી.ના બે વિદ્યાર્થીઓ આપણા ગાંધીનગર જિલ્લાના જ છે. જેમણે રાષ્ટ્રીય પરેડમાં પસંદગી પામી કોલેજ અને જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. તે ગાંધીનગર જિલ્લાના તમામ નાગરિકો માટે સન્માનરૂપ વાત છે.

દેશની રાજધાની દિલ્હીમાં દર વર્ષે ૨૬મી જાન્યુઆરીએ યોજાતી રાષ્ટ્રીય પરેડમાં ભાગ લેવો અને તેને નજીકથી નિહાળવી તે ખુબ જ સન્માનની વાત છે ત્યારે આ વર્ષે આ પરેડમાં ભાગ લેવા માટે ગાંધીનગર શહેરમાં સ્થિત અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજની એક વિદ્યાર્થીની ગ્રીષ્માબેન કીશનભાઈ પટેલ અને વિદ્યાર્થી જયકિશન ચીમનભાઈ અજુડીયાને આ સન્માન હાંસલ થયું છે.

ગાંધીનગર શહેરમાં આવેલ સેકટર-૨૬ના ગ્રીન સીટી વિસ્તારના ડી-૬૩ નંબરના મકાનમાં રહેતી અને કડી કેમ્પસ સ્થિત અશ્વિનભાઈ કોમર્સ કોલેજમાં ટી.વાય. બી.એ. (અંગ્રેજી)માં અભ્યાસ કરતી ૨૦ વર્ષીય ગ્રીષ્મા પટેલ છેલ્લા પાંચ વર્ષથી એન.સી.સી. સાથે સંકળાયેલી અને અનેક કેમ્પમાં ભાગ લઈ ચૂકી છે. ગ્રીષ્માએ પાંચ વર્ષમાં અનેક સિધ્ધિઓ હાંસલ કરી પ્રમાણપત્રો તથા સ્મૃતિચિન્હો પ્રાપ્ત કર્યા છે ઉપરાંત રાજય સરકાર આયોજીત ખેલ મહાકુંભમાં પણ ભાગ લઈ અનેક ઈનામો પ્રાપ્ત કર્યા છે તો સાથે સાથે ગ્રીષ્મા અભ્યાસમાં પણ એટલી જ હોંશિયાર છે. આથી તેણી આ વર્ષે રાષ્ટ્રીય પરેડમાં પસંદગી પામી છે અને હાલ દિલ્હીમાં આ પરેડની તૈયારીઓ કરી રહી છે.

આ ઉપરાંત આ જ અશ્વિનભાઈ કોમર્સ કોલેજના એસ.વાય.બી.એ.માં અભ્યાસ કરતો અને છેલ્લા ૪ વર્ષથી એન.સી.સી.ની

● અનુસંધાન પાન-૭ પર

વિપક્ષના નેતા તરીકે ગઈકાલે મોડીરાત્રે વરાયેલા શ્રી શંકરસિંહ વાઘેલાએ આજે વહેલી સવારે પ્રદેશ કોંગ્રેસના અગ્રણીઓ અને ધારાસભ્યોની હાજરીમાં આ હોદ્દાનો કાર્યભાર સંભાળ્યો હતો. તેમણે સકારાત્મક અભિગમ સાથે પ્રજાના પ્રશ્નોને કોંગ્રેસ વાચા આપશે તેમજ આગામી દિવસોમાં સૌરાષ્ટ્રની પાણીની સમસ્યા માટે વિવિધ કાર્યક્રમો કરશે તેવી જાહેરાત કરી હતી. **(તસવીર : દિપક જાની)**

આજે જિલ્લા પંચાયતની સમિતિના ચેરમેનો નિરીક્ષકોની હાજરીમાં નિમાશે

રાજીનામા આપનારા સભ્યોને મનાવી લેવાશે : કોંગી આગેવાનો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લા પંચાયતની નવરચિત સાત સમિતિઓના ચેરમેનોની નિમણુંક અંગેની પ્રક્રિયા માટે પ્રદેશ નીરીક્ષકો ખાસ ઉપસ્થિત રહી અને સમિતિના સભ્યોને મેન્ડેટ આપશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની ૧૫મી જાન્યુઆરીએ મળેલ સામાન્ય સભામાં સમિતિઓની રચના કરાયા બાદ ત્રણ સભ્યોએ રાજીનામા ધરી દેતાં રાજકીય મડાગાંઠ ઉભી થવા પામી છે. ત્રણ સમિતિઓની રચનામાં વિલંબ ઉભો થશે તેમ મનાઈ રહ્યું છે અર્થાત્ આજે ચાર જેટલી સમિતિઓની રચનાની પ્રક્રિયા સંપન્ન થાય તેવા નિર્દેશઓ મળી રહ્યા છે.

જિલ્લા પંચાયતમાં સમિતિઓની રચનાને લઈ ઉભા થયેલા વિવાદ અંગે કોંગ્રેસી આગેવાનો મૌન સેવી રહ્યા છે જો કે બધુ સુમુ સુતરૂ પાર પડી જશે તેવો વિશ્વાસ પણ આગેવાનો ધરાવી રહ્યા છે. આજે રાજીનામુ આપનારા સભ્યોનો સંપર્ક સાધવાનો પ્રયાસ પણ કરવામાં આવી રહ્યો છે.

મળતી વિગતો પ્રમાણે રાજીનામુ આપનારા ત્રણ પૈકી બે સભ્યોએ તેમનો રજાનો રિપોર્ટ મોકલી આપ્યો હોવાથી કોંગ્રેસના આગેવાનો બહુ જ વિશ્વાસપૂર્વક જણાવી રહ્યા છે કે આ તો ચાના કપમાં આવેલો ઉભરો માત્ર છે.

બીજી તરફ પંચાયતમાં પણ સમિતિઓની રચના થઈ હોવાથી તેની પ્રથમ બેઠક અંગેની બધી જ તૈયારીઓ પૂરી કરી દેવામાં આવી છે. સવારે ૧૦.૩૦ વાગ્યાથી આ સમિતિઓની બેઠકોનો દોર આરંભાશે અને બપોરે બે વાગ્યા સુધીમાં તે પૂર્ણ થઈ જશે.

સૌ પહેલાં કારોબારી સમિતિની બેઠક મળશે ત્યાર બાદ અન્ય સમિતિઓની બેઠકો મળશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની સમિતિઓની રચના માટે નિમાયેલા નિરીક્ષકો સવારે ૧૦ વાગે જિલ્લા પંચાયત ખાતે આવી પહોંચશે તેમ જાણવા મળેલ છે.

આવતીકાલે રાષ્ટ્રીય મતદાતા દિનની ઉજવણી

૧૫ અધિકારીઓ સન્માનાશે : નેશનલ લો યુનિ. ખાતે કાર્યક્રમ માટેનું આયોજન

ગાંધીનગર, તા. ૨૩

આગામી શુક્રવારને ૨૫મી જાન્યુઆરીના રોજ રાષ્ટ્રીય મતદાતા દિનની ઉજવણી ગુજરાત નેશનલ લૉ યુનિ. ખાતે કરવામાં આવશે. જેમાં વિધાનસભાની ચૂંટણીમાં શ્રેષ્ઠ કામગીરી માટે ૧૫ અધિકારીઓનું વિશેષ સન્માન મહામહિમ રાજયપાલશ્રીના હસ્તે કરવામાં આવશે.

આ સમારંભ મહામહિમ રાજયપાલશ્રીની અધ્યક્ષતામાં યોજવામાં આવશે. કાર્યક્રમમાં શ્રી બલવંત સિંહ, માહિતી કમિશનરશ્રી, શ્રી બિમલ પટેલ, નિયામકશ્રી, ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી તથા અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ તાજેતરમાં સંપન્ન થઈ છે. આ ચૂંટણીઓ દરમ્યાન

● અનુસંધાન પાન-૭ પર

ઈસનપુર મોટાની એમ.બી. પટેલ સાર્વજનિક હોસ્પિટલ કોર્પોરેટ હોસ્પિટલની કક્ષાએ

ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના ગરીબ અને મધ્યમ વર્ગીય દર્દીઓને રાહત દરે મલ્ટીસ્પેશીયાલીટી હોસ્પિટલ જેવી સારવાર મળી શકશે : વાયબ્રન્ટ ગુજરાતમાં સંસ્થાએ ૬૦ કરોડના એમઓયુ કર્યા

ગાંધીનગર, તા. ૨૩

છેલ્લા ૨૫-૨૫ વર્ષથી સેવાની ધુણી ધખાવીને ચાલી રહેલી ઈસનપુર મોટાની શ્રી એમ.બી. પટેલ સાર્વજનિક હોસ્પિટલ હવે કોર્પોરેટ હોસ્પિટલ બનવા તરફ પ્રયાણ કરી રહી છે. જો કે કોર્પોરેટ હોસ્પિટલ બનતા ગરીબ અને મધ્ય વર્ગીય દર્દીઓની સારવાર મોંઘી નહી બને. સારવાર અત્યાધુનિક હશે. પરંતુ સારવારનો ખર્ચ પરવડે તેવો જ હશે. એક જ પરિવારના દાતાઓના સહયોગથી ચાલી રહેલી આ હોસ્પિટલ મલ્ટી સ્પેશ્યાલીટી બનતા ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના દર્દીઓને તેનો લાભ મળી શકશે.

દરિદ્રનારાયણની સેવામાં જ પરમાત્માના દર્શન કરો એવી સ્વામી વિવેકાનંદની ભાવનાને સાચા અર્થમાં ચરિતાર્થ કરી ઈસનપુર મોટા જેવા ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા ૨૫ વર્ષથી શ્રી મફતલાલ બાપુદાસ પટેલ સાર્વજનિક હોસ્પિટલ સેવાની અનોખી કેડી કંડારી રહી છે. સર્વોદય આરોગ્ય મંડળ સંચાલિત આ હોસ્પિટલને જેટલુ દાન મળે છે તે તમામનો ઉપયોગ દર્દીઓની સારવાર પાછળ કરવામાં આવે છે. વળી આશ્ચર્યની વાત તો એ છે કે હોસ્પિટલના

● અનુસંધાન પાન-૭ પર

એમ. બી. પટેલ હોસ્પિટલની રજત જયંતિ ધામધૂમથી ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૩

માનવ સેવાના ઉમદા કાર્યો માટે તાજેતરમાં સરદાર પટેલ ગુજરાત ગૌરવ સન્માન પ્રાપ્ત કરનાર શ્રી એમ. બી. પટેલ સાર્વજનિક હોસ્પિટલ તેનું રજત જયંતિ વર્ષ ઉજવી રહી છે. આગામી તા. ૨૭મી જાન્યુઆરીના રોજ રજત જયંતિ વર્ષની ઉજવણી અવસરે માનવ સેવા યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. ઈસનપુર મોટા સ્થિત આ હોસ્પિટલ ખાતે સર્જન, ફીઝીશીયન, ગાયનેક સર્જન, દાંતના સર્જન તથા ઓપ્ટ્રેમેટ્રીક ફિઝિશીયનની સેવા દરરોજ પ્રાપ્ય છે. આ ઉપરાંત નિષ્ણાંત તબીબોની સેવા પણ નક્કી કરેલા દિવસે પ્રાપ્ય છે.

વ્યાજના રૂપિયા લેવા ચાર શખ્સોએ યુવાનનું અપહરણ કર્યુ

૨૦ જ મિનિટમાં અપહ્યુતને છોડાવી ચારેય અપહરણકારોને સેન્ટ્રલ જેલ હવાલે મોકલી દેવાયા : ૩ આરોપીઓ સરકારી કર્મીઓના દીકરા નીકળ્યા : વગર લાયસન્સે પેઢી ચલાવી ૧૦ ટકા ઉપરાંત વ્યાજ વસુલતા હતા : અપહરણ બાદ યુવાનના પિતાને ફોન કરી 'પૈસા આપીને દીકરાને લઈ જાવ'ની ધમકી સોંપી

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરની એક ખાનગી પેઢીના સંચાલકોએ શહેરના એક શેર બ્રોકર યુવાનનું વ્યાજના રૂપિયા ન આપી શકતા ગઈકાલે અપહરણ કરી લીધુ હતુ. અપહરણ કર્યા બાદ ચારે અપહરણકારોએ યુવાનના પિતાને ફોન કરીને ધમકીઓ આપી હતી કે રૂપિયા આપી જાવો અને તમારા દીકરાને છોડાવી જાવ. દારૂ પી લીધા પછી અમને ખબર નથી કે અમે શું કરશું ? અપહરણ સંદર્ભે પોલીસને જાણ કરતાં ખાનગી ગાડી અને વેશ ધારણ કરીને સે. ૭ પોલીસે લોકેશન મેળવી અપહરણની ૨૦ જ મિનિટમાં અપહ્યુતને છોડાવી દીધો હતો અને ચારેય અપહરણકારોની ધરપકડ કરી લીધી હતી. વ્યાજે રૂપિયા આપતા પહેલા યુવાન પાસેથી સહી કરાવીને લેવામાં આવેલી પ્રોમીશરી નોટ અને પાંચ બ્લેન્ક ચેક પણ પોલીસે કબ્જે લઈ તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેરના સેક્ટર-૧૩-બી પ્લોટ નં. ૯૧૪/૨માં રહેતા તથા પેન્શન અને પ્રોવીડન્ટ ફંડ કચેરીમાંથી અધિકારી પદેથી નિવૃત્ત થયેલા અશોકભાઈ કિશોરચંદ્ર છાયાના દીકરા ચિરાગ છાયાએ એમ.બી.એ કર્યા બાદ શેર બ્રોકર તરીકે કામ કરે છે. ચિરાગે ગાંધીનગરની ખાનગી પેઢીમાંથી નવેમ્બર-૨૦૧૨માં રૂ. ૧.૪૦ લાખ વ્યાજે લીધા હતા. ત્યાર બાદ ચિરાગે રૂ. ૧.૫૦ લાખ પરત ચુકવ્યા હતા. પરંતુ પેઢી સંચાલકોએ વ્યાજના રૂ. ૨.૦૭ લાખનો બીજો હિસાબ બાકી કાઢ્યો અને તે રૂપિયા આપવા પડશે કહીને ધમકીઓ આપવાનું શરૂ કરી દીધુ હતુ. જેનાથી ગભરાઈ જઈને ચિરાગે પખવાડીયા અગાઉ ઘ-૫ સર્કલ પાસે પેઢી સંચાલકોને મળીને બીજા રૂ. ૫૧ હજાર આપ્યા હતા. ત્યારે બાકીના રૂ. ૧.૫૪ લાખ નહી આપે તો ઉઠાવી લેવાની ધમકીઓ આપી હતી. ચિરાગ ડરનો માર્યો ત્યારથી અમદાવાદ રહેતા તેના મામાને ઘરે ચાલ્યો ગયો હતો. ત્યારે પેઢી સંચાલકો ચિરાગના ઘરે જઈને તેના મા-બાપને ધમકીઓ આપવા લાગ્યા અને જો પૈસા નહી આપે તો ઘરમાંથી ઉઠાવી જવાની પણ ધમકીઓ આપી હતી. ચિરાગ ક્યારે ગાંધીનગર આવે તેની વોચમાં પેઢી સંચાલકો રહેતા હતા. દરમ્યાન ચિરાગ ગાંધીનગર આવ્યો હોવાની જાણ તેમને થતા ગઈકાલે સાંજે સાડા છ વાગ્યાના અરસામાં અલ્ટો ગાડી નં. જીજે-૧કેજી-૬૭૭૯ લઈને જતા ચિરાગને ગ-૩ થી ખ-૩ વચ્ચે સ્થિત એમ.આર.એફ. ટાયર્સ પાસે ઉભો રાખીને ચાર શખ્સો તેની જ ગાડીમાં બેસી ગયા હતા. ચિરાગનું તેની જ કારમાં અપહરણ કરીને અલગ-અલગ વિસ્તારમાં ફેરવ્યો અને તેના પિતાને ફોન કરીને કહ્યું કે પૈસા લઈને આવો અને ચિરાગને છોડાવી જાવ. એકવાર દારૂ પી જઈશુ પછી શું કરશું તે ખબર નથી. ત્યારે ચિરાગના પિતાએ પૈસા આપી દઉં છું કહીને તેઓ ક્યાં છે તેનું લોકેશન જાણી લીધુ. ત્યારબાદ ગભરાઈ ગયેલા ચિરાગના પિતાએ સે. ૭ પોલીસમથકના સિનિ. પી.આઈ. એ.એમ. પરમારનો સંપર્ક સાંધીને

● અનુસંધાન પાન-૭ પર

પાણી-ગટર વેરા અન્વયે ૩ કરોડ વસુલવા તંત્રએ તૈયારી શરૂ કરી

બિલ માટે એજન્સીને કામ સોંપવા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાઈ : અગાઉનુ બાકી માંગણુ પણ વસુલવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૩

શહેરમાં પાણી-ગટર વેરો વસુલવા ટૂંકમાં ઝુંબેશ હાથ ધરાશે. વર્ષ ૨૦૧૩-૧૪ના અંદાજિત રૂ. ૩ કરોડના માંગણા સંદર્ભે તંત્રકક્ષાએથી બિલ તૈયાર કરવાની કામગીરી અન્વયે ટેન્ડરપ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. શહેરમાં પાણી-ગટરના ૨૬ હજાર જોડાણકર્તાઓ પાસેથી વેરા વસુલાશે.

શહેરીજનોને પાણી-ગટરની પાયાની સુવિધા પુરી પાડવા સરકાર દ્વારા તબક્કાવાર નવતર કામો હાથ ધરવામાં આવે છે. જ્યારે શહેરમાં પાણી વિતરણ વ્યવસ્થા અસરકારક બનાવવા ઉપરાંત નગરજનોને ફોર્સથી પાણી પુરૂ પાડવા પણ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત શહેરીજનોને ઘરમાં નળ સુધી પાણી પહોંચાડવા માટે પણ વર્ષે કરોડોનું આંધણ કરવામાં આવે છે. આમ છતા પાણી-ગટર વેરાની વસુલાત અન્વયે વર્ષો જૂના બાકી માંગણા વસુલવા તંત્રકક્ષાએથી કોઈ ખાસ અસરકારક કામગીરી થઈ શકી નથી. શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં જ વસુલાત ક્ષેત્રે લાખોનું માંગણુ બાકી

● અનુસંધાન પાન-૭ પર

ભાડે આપવાનો છે

PDP રોડ, વેદિકા E-શિરીશ 5th ફ્લોર પર 2BHK ૧૩૦ વારનો ફ્લેટ ભાડે આપવાનો છે. ફેમિલિવાળાએ જ સંપર્ક કરવો.
મો. : ૯૮૭૯૦ ૯૯૯૧૦

નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૨૬-૧-૧૩, શનિવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. સેક્ટર-૨૮ સબસ્ટેશન
૨. બ્લાઈન્ડમેન સબસ્ટેશન
(સેક્ટર-૨૫ જીઆઈડીસી)

સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ

બેસણું/સુવાળા

અમારા પૂજય માતૃશ્રી **રામબા કાળુજી બિહોલા**નું અવસાન તા. ૧૬/૧/૨૦૧૩ને બુધવારના રોજ થયેલ છે. **સદ્ગતનું બેસણું / સુવાળા તા. ૨૫/૧/૨૦૧૩ને શુક્રવારના રોજ સવારે ૯-૩૦થી ૪-૦૦ કલાક** દરમિયાન અમારા નિવાસસ્થાને રાખેલ છે.

નિવાસસ્થાન :
મુ. પો. પાલજ
તા.જી. ગાંધીનગર
ઠે. ખાડીયાવાસ

લી.
શંભુજી કાળુજી બિહોલા
વિક્રમસિંહ કાળુજી બિહોલા
સ્વ. નારણસિંહ કાળુજી બિહોલા
છત્રસિંહ કાળુજી બિહોલા
મુકેશકુમાર મોહનજી બિહોલા

SANGHI CEMENT
KISAN
VIRAT TMT BARS - ISI
SANGHI STEEL - ISI
BENELAVE
H.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૬૯
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. **ફોન :** ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ :** ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com